# શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકોની મહાસભા યોજાઈ

## જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા તથા વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજે એક દિવસીય ઘરણા : સત્યાગ્રહ છાવણી શિક્ષકોથી ઉભરાઈ








ગાંધીનગર,તા.૦૬ રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન પુનઃ સ્થાપન સંયુકત મોરચો, ગુજરાત રાજય, રાષ્ટ્રીય સંયુકત મોરચો, રાષ્ટ્રીય શિક્ષક મહાસંઘ ગુજરાત દ્વારા જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા માટે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજે એક દિવસીય ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે શહેરની સત્યાગ્રહ છાવણી શિક્ષકોથી ઉભરાતી જોવા મળી હતી. જયારે છાવણી આસપાસના માર્ગો અને સેકટરોની ગલીઓમાં ગાડીઓનો ખડકલો જોવા મળ્યો હતો.જયારે સભામાં શિક્ષકોને ગરમી ના લાગે તે માટે પંખા તેમજ કુલર મુકવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે શિક્ષકોની મહાસભા યોજાઈ હતી. જેમાં રાજયમાં નવી પેન્શન યોજનાને સ્થાને જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા, નગર તેમજ મહાનગર પાલિકાના શિક્ષકો માટે ૪૨૦૦ ગ્રેડ પે, એચ ટાટ ઓ.પી. થયેલા મુખ્ય શિક્ષકોના પ્રશ્ન, ગ્રાન્ટેડ પ્રાથમિક, સરકારી તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક તેમજ આચાર્ય સંવર્ગના પાંચ વર્ષની સળંગ નોકરી, ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બદલીનો લાભ આપવા, કેન્દ્રના ધોરણે જાન્યુઆરી વર્ષ ૨૦૨૨ થી ત્રણ ટકા મોંઘવારી તેમજ કેન્દ્રના ધોરણે સાતમ પગારપંચ મુજબ ઘરભાડુ સહિત અન્ય ભથ્થા જાહેર કરવા સહિતના પડતર પ્રશ્નોનો સમાવેશ થાય છે. ત્યારે શિક્ષકો દ્વારા વાંરવાર રજુઆત કરવા છતા કોઈ નિવેડો ન આવતા આજે એક દિવસના ધરણાનો કાર્યક્રમ યોજયો હતો. શિક્ષકોના પડતર પ્રશ્નો અને જુની પેન્શન યોજના ફરીવાર શરુ કરવા વિવિધ સંગઠનોએ પણ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે. જયારે જુની પેન્શન યોજના સામે નવી પેન્શન યોજનામાં કર્મચારીઓને નજીવુ પેન્શન મળે છે તે નિર્વિવાદ છે. નિવૃતિ બાદ પેન્શનની નજીવી રકમમાં જીવન નિર્વાહ કરવો મુશ્કેલ છે. ભારતના વિવિધ રાજયમાં જુની પેન્શન યોજના શરુ છે. જયારે કેટલાક રાજયો કર્મચારીઓના હિતમાં નવી પેન્શન યોજના બંધ કરી જુની પેન્શન યોજના ફરીવાર ચાલુ કરી રહ્યા છે. ગુજરાત કરતા રાજસ્થાન, છતીસગઢ નાણાકીય રીતે ઓછા સમુધ્ધ હોવા છતા રાજય સરકાર દ્વારા જુની પેન્શન યોજનાને ફરીવાર લાગુ કરવામાં આવી છે. ત્યારે શિક્ષકોની મહાસભાને પગલે છાવણી ખાતે બપોર બાદ શિક્ષકો આવવાની શરુઆત થઈ ગઈ હતી. જયારે ઉનાળાની ગરમીને પગલે પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે છાવણી શિક્ષકો મોટીસંખ્યામાં ઉમટી પડતા ઠંડા પીણા, ચા-નાસ્તો સહિતના વેપારીઓને પણ ભારે ઘરાકી જોવા મળી હતી.







## ખૂણેખાંચરેથી

● રાજયના મુખ્ય સચિવને આજે વિડીયો કોન્ફરન્સ દરમ્યાન જ મહામહીમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જન્મદિનની શુભકામના પાઠવી હતી.

● આજે રાજયના રાજયપાલશ્રી અને મુખ્યમંત્રીએ પ્રાકૃતિક ખેતીને લઈ પ્રથમવાર સંયુક્ત વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● દોઢ કલાક સુધી પ્રાકૃતિક ખેતી પરની વિડીયો કોન્ફરન્સ ચાલી હતી જેમાં પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર જિલ્લામાં ૨૦૦૦ એકર જેટલા વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી ૨૦૨૦-૨૧માં કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

● દહેગામ ન.પા.એ કોન્ટ્રાક્ટરને બિલ ન ચુકવતાં કોર્ટે મિલ્કત જપ્તીનો હુકમ કર્યો.

● સેકશન ઓફિસર્સ એશો.ની રજુઆત બાદ ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એશો.એ પણ મુખ્યમંત્રીને પત્ર પાઠવી સચિવાલયને સેન્ટ્રલ એ.સી. બનાવવાની માંગ કરી છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેક્શન માટે જતી ગાડીઓ વારંવાર તેના સમયમાં ફેરફાર કરી રહેલ હોવાથી નગરજનોમાં ચર્ચાઓ શરૂ થઈ છે.

● કલોલના વિશ્વ મંગલ ગુરુકુળમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાએ દહેગામ તાલુકાના ૪૯ દિવ્યાંગ રમતવીરો વિજેતા બન્યા છે.

● ગાંધીનગર શહેરની કલા સંસ્થા ''સંસ્કૃતિ''ના સભ્યોનો આજે મિલન સમારોહ યોજવામાં આવ્યો છે.

# કુડાસણ શ્યામપ્રસાદ મુખર્જી નગરમાં વસાહતીઓ વચ્ચે આડેધડ પાર્કિંગ બાબતે માથાકુટ થતા સામસામે ફરીયાદ

ગાંધીનગર, તા.૦૬

કુડાસણ શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી નગર ખાતે બ્લોક નં. કે અને એલ ખાતે રહેતા હોદેદારો તેમજ સોસાયટીના અન્ય સભાસદો એકઠા થઈ આડેધડ વાહન પાર્કિંગ, રાત્રીના સમયે આવન-જાવન કરી ગેટ ખુલ્લો રાખતા હોવા અંગે ચર્ચા કરી રહ્યા હતા. તે સમયે અંકિત હરીશભાઈ પટેલ અને અનિલભાઈ ચૌધરી આવી ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરી હતી. તે ઉપરાંત અનિલભાઈના સાઢુએ અને સાળાએ ફરીયાદીના દિકરાને જાનથી મારી નાંખવાની અને નોકરીને હાની પહોંચાડવાની ધમકી આપતા ચાર શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

કુડાસણ શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી નગર ખાતે બ્લોક નં.કે-૧૦૦૪ ખાતે રહેતા કીરીટભાઈ કાનજીભાઈ ચૌધરી પરિવાર સાથે રહે છે અને દહેગામ ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે નોકરી કરે છે. ગતરોજ રાત્રીના દશ વાગ્યાના અરસામાં કીરીટભાઈ તેમજ સોસાયટીના બીજા હોદેદારો-સભાસદો એકઠા થઈ વિવિધ મુદ્દે ચર્ચા કરી રહ્યા હતા. જેમાં આડેધડ વાહન પાર્કિંગ, મોડીરાત્રે આવન-જાવન કરી ગેટ ખુલ્લો રાખવા અંગે વાતચીત ચાલી રહી હતી. તે સમયે રાત્રીના સવા દશ વાગ્યાના સુમારે કે-૫૦૩ માં રહેતા અંકિત નીચે આવીને સર્વે હોદેદારો સભાસદોને કહેવા લાગ્યો કે મારે સવારના વહેલા ન્યુઝ પેપર વહેચવા જવાનું હોઈ હુ ગેટ ખુલ્લો રાખીશ તેવુ કહયું હતું. જેથી સર્વે વસાહતીઓએ તેને સોસાયટીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમજાવતા હતા. ત્યારે તે એકદમ ઉશ્કેરાઈ જઈને જોરજોરથી બોલવા લાગ્યો હતો. તે સમયે સોસાયટીના મકાન નં.કે-૫૦૩ ખાતે રહેતા અનિલ ચૌધરી અને તેમના સાળા તેમજ સાઢુ ત્રણેય જણા ચર્ચા ચાલી રહી હતી તે જગ્યાએ આવ્યા હતા. અનિલભાઈએ હું સોસાયટીમાં રહું છુ મારે જયારે આવવું હોય ત્યારે આવુ અને જયારે જવુ હોય ત્યારે જાઉં મને કોણ રોકનાર છે તેમ કહી કહ્યું કે તેમ ગેટને લોક મારશો તો હું તોડી નાંખીશ તમારે જે થાય તે કરી લેજો અને હું કોઈ સોસાયટીના નિયમો પાડવાનો નથી તેમ કહી બધા વ્યકિત પર ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરવા લાગ્યા હતા. જયારે અનિલભાઈ સાઢુ અને સાળા જે સોસાયટીમાં રહેતા નથી તેમ છતા તેઓ પણ તમે અમને ઓળખતા નથી, અમે કોણ છીએ, તેમને ખબર નથી, તમારા જેવા કેટલાય ને ધંધે લગાડી દીધા છે.અમારી રાજકીય ઓળખાણ ઉંચી છે તમને નોકરી કરવી પણ ભારે પડી જશે અને તમારા દિકરાને પણ નહી છોડીએ તેમ કહેતા કીરીટભાઈ ચૌધરીએ ઈન્ફોસીટી પોલીસ મથકે અનિલ ચૌધરી, તેમજ તેના સાઢુ, સાળા અને અંકિત પટેલ સામે ફરીયાદ નોંધાવી છે.

જયારે બીજીતરફ શ્યામાપ્રસાદ મુખર્જી નગર ખાતે કે.૫૦૧ અનિલ ચૌધરી તેમની પત્ની સેજન મેકવાન સાથે રહે છે.જયારે અનિલ ચૌધરી નારોલ ખાતે એરા યુરો નામની કંપનીમાં છેલ્લા ૬ વર્ષથી ટેરેટરી મેનેજર તરીકે નોકરી કરે છે. ગતરાત્રીના સમયે અનિલ ચૌધરી તેમની પત્ની સાથે સેકટર-૩ ન્યું પ્લોટ નં.૧૭૯-૧ ખાતે રહેતા સાસુ ને મળવા માટે ગયા હતા. બંન્ને જણા મળીને પરત આવ્યા હતા. તે સમયે બોલાચાલી ચાલી રહી હતી. જયારે બાજુમાં રહેતા હરીશભાઈનો દિકરો અંકિત ઉંચા અવાજે બોલતા તેને સમજાવી લઈ જતા હતા. ત્યારે પુછપરછ કરતા તેણે જણાવ્યું કે સોસાયટીવાળા કહે છે કે રાત્રીના ૧૨ વાગ્યા પછી ગેટ નહી ખુલે, તમારા થી જે થાય તે કરી લો, જેથી ફરીયાદીએ ગેટ અંગે આવા નિયમો કોને બનાવ્યા છે તે પુછતા કે કે ચૌધરીએ ગાળાગાળી કરી હતી. હુ તને જોઈ લઈશ અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જયારે તેમના દિકરાએ ગુજરાતમાં નહી રહેવા દઉ તેવી ધમકી આપી હતી. જેથી અનિલ ચૌધરીએ કે.કે.ચૌધરી અને તેમના દિકરા સામે ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષની વાતો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરમાં ટ્રાફિકનો પ્રશ્ન ઘેરો બનતો જાય છે. ટ્રાફિકના નિયમોનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. વાહનોને યોગ્ય સ્થળે પાર્ક કરવા અને તે અંગે જાગૃતિ લાવવા સિવિલ કેમ્પસ ખાતે ટ્રાફિક પોલીસે ઝુંબેશ હાથ ધરી હતી.

# મગોડી પાસે બાઈકની અડફેટે ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃધ્ધનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગર-દહેગામ માર્ગ પર મગોડી બળીયાદેવ મંદિર નજીક ચાલતા જતા વૃધ્ધને બાઈક ચાલક ટક્કર મારી નાસી ગયો હતો. આ બનાવમાં ગંભીર રીતે ઘાયલ વૃધ્ધનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-દહેગામ માર્ગ પર મગોડી ગામના રાવળ વાસ ખાતે રહેતા અશોક બુધાજી ઠાકોર ગત તા.૩૦ એપ્રિલના રોજ ઘરે હાજર હતા. તે સમયે ગામના મિત્ર વિજયે ફોન કરીને જાણ કરી કે તારા પિતાજી બુધાજી મગોડી બળીયાદેવ મંદિર તરફ ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે અચાનક એક બાઈક ચાલકે બુધાજીને ટક્કર મારી હતી. જેને પગલે અશોક તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્યારે માર્ગ પર તેના પિતાજી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં હતા. જેમને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા.જયા ફરજ પરના મેડીકલ ઓફિસર દ્વારા પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં બુધાજીની સઘન સારવાર ચાલી રહી હતી. પરંતુ તેઓ બેભાન અવસ્થામાં જ હતા. ત્યારે પાંચ દિવસ બાદ અચાનક તબિયત વધુ લથડતા બુધાજીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# એકતા યાત્રાનું ગાંધીનગરમાં સ્વાગત કરાયું

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના સ્થાપના દિવસે રાજપૂત સમાજનું સંગઠન મજબુત થાય તથા ક્ષત્રીય સમાજમાં સામાજીક, રાજકિય તથા શૈક્ષણિક જાગૃતિ આવે તથા નાના-મોટા કુરિવાજો નાબુદ થાય એવા ઉદ્દેશથી ગુજરાતના ઈતિહાસની સૌથી મોટી ૨૦૦૦ કિ.મી.ની એકતા યાત્રાનું આયોજન ૧૬ દિવસનું રાજપૂત કરણી સેના દ્વારા કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ગઈકાલે ગાંધીનગર જિલ્લામાં કેશવમ પાર્ટી પ્લોટ, પેથાપુર ખાતે એકતા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.




ગાંધીનગર કરણીસેનાના અધ્યક્ષ દિવ્યરાજસિંહ ભાટી તથા તેમની ટીમ દ્વારા સંયુક્તરૂપે એકતા યાત્રાનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ તથા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા અને ગાંધીનગર શહેર રાજપૂત સમાજ તથા કચ્છ-કાઠીયાવાડ રાજપૂત સમાજના હોદ્દેદારો ઉપસ્થિત રહી એકતા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સવારે લાકરોડા-અનોડીયાથી સ્વાગત કર્યા બાદ રંગપુર, વરસોડા, અંબોડ, લીંબોદરા, અલુવા, બાલવા, પીંડારડા, પીંપળજ, પેથાપુર, લેકાવાડા, પાલજ, રાયસણ, રાદેસણ, ભાટ મુકામે એકતાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એકતા યાત્રામાં કરણીસેના ગાંધીનગરના તમામ યુવાનોએ ખભેખભા મીલાવી યાત્રાને સફળ બનાવી હતી.

# રોબોટ તેમજ બે એમ્બ્યુલન્સનું લોકાર્પણ યોજાયું

ગાંધીનગર, તા. ૦૬

ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રી કનુભાઈ દેસાઈએ જીએસપીસી સમર્થિત સીએસઆર (સીએસઆર) પ્રોજેક્ટ્સની એસેટ્સ-ત્રણ ફાયર ફાઈટિંગ રોબોટ તેમજ બે એમ્બ્યુલન્સને તા. ૪ મે ૨૦૨૨ના રોજ રાજ્યના સંબંધિત જિલ્લા વહીવટીતંત્રને સોંપ્યા હતા.

ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રી કનુભાઈ દેસાઈએ જીએસપીસી દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે જીએસપીસી ફક્ત એક જ ક્ષેત્રમાં નહીં, પરંતુ વિવિધ ક્ષેત્રોમાં ટીમવર્ક અને કો-ઓર્ડિનેશન સાથે પ્રશંસનિય કામગીરી કરી રહ્યું છે. જેના પરિણામે આજે આ ત્રણ ફાયર ફાઈટિંગ રોબોટ તેમજ બે એમ્બ્યુલન્સને સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સોંપણી કરવું શક્ય બન્યું છે. આ વેળાએ મંત્રીએ આ રોબોટ્સ કઈ રીતે કાર્ય કરે છે તેનું લાઈવ પ્રેઝન્ટેશન નિહાળી ત્રણે રોબોટ્સને અમદાવાદ, સુરત તેમજ વડોદરા ખાતે ફળવયા હતા. જીએસપીસી એ તેલ અને ગેસના સંશોધન અને ઉત્પાદન સાથે સંકળાયેલી જીએસપીસી ગ્રુપની મુખ્ય સંસ્થા છે. ગુજરાત સીએસઆર ઓથોરિટી (જીએસસીએઆરે)એ ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત પ્લેટફોર્મ છે, જે જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓને સીએસઆર ફંડનો મહત્તમ ઉપયોગ કરવામાં મદદ કરે છે અને રાજ્યના કલ્યાણ અને સુખાકારીમાં પણ યોગદાન આપે છે. આ ઉપરાંત જીસીએસઆરએ અન્ય કંપનીઓ અને પ્રાઈવેટ સેક્ટર યુનિટ્સને સીએસઆર વ્યૂહરચના તેમજ વાર્ષિક યોજનાઓના વિકાસમાં પણ મદદ પૂરી પાડે છે. જીસીએસઆરએના સીઈઓ એમ. થેન્નારસને અલગ-અલગ ક્ષેત્રે કરવામાં આવતી સીએસઆર પ્રવૃત્તિઓ અંગે ટૂંકમાં માહિતી આપી તેમજ સીએસઆરના વિવિધ પ્રોજેક્ટ્સ અંગે ઊર્જામંત્રીને માહિતગાર કર્યા હતા.

# પાટનગરમાં પહેલેથી સમાવિષ્ટ સાત ગામોને પાયાની સુવિધાઓ આપો : વસાહત મહાસંઘ

ગાંધીનગર, તા.૦૬

તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકાનો વ્યાપ વધારીને તેમાં નવા ૧૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેના વિકાસ માટે વિશેષ આયોજન કરવાની વાતો ચાલી રહી છે. જોકે ગાંધીનગર શહેરમાં અગાઉથી જ સમાવિષ્ટ પાલજ, બાસણ, ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ફતેપુરા, ધોળાકુવા જેવા સાત ગામોનો પાટનગરની સ્થાપના સમયથી શહેર વિસ્તારમાં સમાવેશ કરાયો છે પરંતુ વર્ષો થવા આવ્યાં છતાં આ ગામોને શહેર જેવી સુવિધાઓ પૂરી પાડવામાં સરકારી તંત્ર નિષ્ફળ નિવડ્યું હોવાનો આક્ષેપ કરતાં શહેર વસાહત મહાસંઘ દ્વારા આ ગામોમાં મુખ્યત્વે રંગમંચ, કોમ્પ્યુનિટી હોલ, સરકારી દવાખાનું, પોલીસ ચોકી, શોપિંગ સેન્ટર વગેરેની સુવિધા પુરી પાડવા ઉપરાંત આ ગામોની સરકારી શાળાઓ તેમજ બિસ્માર રોડ-રસ્તાંના નવીનીકરણ પ્રાથમિક તાના ધોરણે કરવા જોઈએ તેવો મત વ્યક્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે પાટનગરની રચના સમયે સમાવેશ કરાયેલાં સાત ગામોમાં સરકારી શાળાઓની હાલતમાં સુધારો કરવો કે ગામોના આંતરિક જાહેર રોડ-રસ્તાઓ જે ટુટી ગયેલા અને ઉબડખાબડ છે જેની સમયાંતરે મરામત કરવામાં આવતા નથી તેનું નવીનીકરણ કરવું જોઈએ. આ ઉપરાંત અ ગામોમાં વારંવાર ગટરો ઉભરાય છે, સ્ટ્રિટલાઈટના અસંખ્ય થાંભલા બંધ હાલતમાં છે. પાલજ, બાસણ, શાહપુર બ્રિજ સુધી જાહેર ફોરલેન હોવા છતાં આ રોડ પર વર્ષોથી સ્ટ્રિટલાઈટ નાખવામાં જ આવી નથી, શહેરમાં સમાવિષ્ટ નદી પારના પાલજ અને બાસણ ગામમાં સ્મશાન ગૃહ બનાવવામાં આવ્યું નથી. પાલજ ગામમાં ગામ વચ્ચે મોટું કોતર આવેલું છે જેને કારણે ગામના બે ભાગ થઈ ગયેલા છે

# ડભોડા પ્રાથમિક કુમાર શાળાનો જન્મદિનની ઉજવણી

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગરની ડભોડા ગામે આવેલી ૧૫૪ વર્ષ જૂની પ્રાથમિક કુમાર શાળાનો જન્મદિવસ ઉજવાયો હતો. ગાયકવાડ સરકાર વખતે આ શાળામાં સુંદર શિક્ષણ આપવામાં આવતું હતું. દેશની આઝાદીથી પણ ૮૦ વર્ષ પહેલા શાળાની સ્થાપના કરવામાં આવી હતી. ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે આવેલી તાલુકા કુમાર પ્રાથમિક શાળાની ૧૫૪ વર્ષ બાદ પ્રથમ વખત જન્મદિવસ રંગેચંગે ઉજવવામાં આવ્યો હતો. ભારત દેશની આઝાદીથી ૮૦ વર્ષ પહેલા ડભોડા તાલુકા કુમાર શાળાની ૧૮૬૮માં સ્થાપના કરવામાં આવી હતી. આ શાળાનો ૧૫૪ વર્ષ બાદ પ્રથમ વખત શાળાના શિક્ષકો એસ.એમ.સી. સભ્યો અને ગ્રામજનો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગાયકવાડ વખતે ડભોડા તાલુકામથક ગણાતું હોવાથી આ શાળાનો ખૂબજ દબદબો હતો. ડભોડા તાલુકા કુમાર શાળામાં ભણી ગણીને કેટલાય વિદ્યાર્થીઓ હાલમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી રહ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓ આજે પણ પોતાની સફળતા માટે ડભોડા તાલુકા કુમાર શાળાને શ્રેય આપે છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી ડભોડા તાલુકા કુમાર શાળાનો વિકાસ ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે. શાળામાં ખાનગી શાળાને પણ ટક્કર મારે એવી સુવિધાઓ ઉભી કરવાના પ્રયાસો ગ્રામજનો દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. શાળામાં રમત ગમતના સાધનો, પ્રોજેક્ટર, લેપટોપ, આરો મશીન, રમતગમતનું મોટુ ગ્રાઉન્ડ, પ્રાર્થના સભા માટે શેડ, ઈન્ડોર આઉટ ડોર રમતોના સાધનોથી લગાવીને તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ડભોડાના સ્વાતંત્ર સેનાની રામજીભાઈ રાયકાના પુત્ર અને નિવૃત્ત આચાર્ય જીવણભાઈ રાયકા, આચાર્ય પ્રતાપભાઈ ખાંટ, શિક્ષક અલકાબેન સોરઠીયા, શિલ્પાબેન ચૌધરી, એસએમસી સભ્યોની હાજરીમાં શાળાના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

